

# ખેડૂતો વિકાસ માટે ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવેઃ ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ

## બોટાદ માર્કેટ યાર્ડમાં ત્રિ-વિધ કાર્યક્રમ યોજાયો

બોટાદ,. તા.૧

ગુજરાતની હરિયાળી ક્રાંતિના સ્વપ્નદ્રષ્ટા એવા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને ગ્રીન રિવોલ્યુશન કંપની લી. (જીજીઆરસી)ના વડપણ હેઠળ ખેડૂતોને સહાય તથા ટપક સિંચાઈ યોજના કાર્યરત છે ત્યારે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-બોટાદ દ્વારા મંત્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગઈકાલે બોટાદ માર્કેટીંગ યાર્ડ ખાતે ત્રિ-વિધ કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાતના સ્વર્ણિમ વર્ષ નિમિત્તે જાહેર કરવામાં આવેલ ટપક સિંચાઈ પ્રોત્સાહક યોજનાનો શુભારંભ સાથે નવી એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ તથા ખેડૂત ખાતેદારોના ગ્રુપ વીમા યોજનાના લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે બોટાદ માર્કેટીંગ યાર્ડ દ્વારા જી.જી.આર.સી.ને રૂા.૧.૫૦ કરોડનો ચેક ડી.એમ. પટેલ (ચેરમેન મા.યાર્ડ) તથા મંત્રી સૌરભભાઈ દ્વારા અર્પણ કરવામાં આવેલ તેમજ શબવાહિનીમાં અથાગ સેવા આપવા બદલ મહેશભાઈ એલ. બોળીયાનું મંત્રી દ્વારા સન્માન કરી રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ.

આ તકે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જી.જી.સી.આર.સી.ના એમ.ડી. ટીકાગરે જણાવ્યું હતું કે, સન ૧૯૯૦-૯૧થી આ કંપની કાર્યરત છે. ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવવાથી ખેડૂતોને ૪૦ થી ૪૫% ઉત્પાદનમાં વધારો થાય છે તેમજ પાણી, વીજળી અને સાથોસાથ મજૂરી પણ બચે છે. ત્યારબાદ ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવેલ કે, ખેડૂતોના સર્વાંગી વિકાસમાં સરકાર તો જોડાઈ છે. પરંતુ સાથો સાથ માર્કેટીંગ યાર્ડ અને ખાનગી કંપનીઓ પણ આમાં જોડાઈ છે. તેઓને અભિનંદન પાઠવેલ તેમજ ખેડૂતોએ વિકાસ કરવો હોય તો ટપક પધ્ધતિ અપનાવવી પડશે તેવું જણાવેલ હતું. આ પ્રસંગે ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવનગર વિમળાબેન બગડીયા, જિલ્લા ભાજપ પુ. બાબુભાઈ જેબલીયા, બો.મા.યાર્ડ પ્રમુખ ડી.એમ. પટેલ, તા.પં. પ્ર.સી.બી. ખંભાળીયા, બો.મા.યાર્ડ, વા.ચેરમેન ધર્મેન્દ્રભાઈ વડોદરીયા, ન.પા. પ્રમુખ, ભાજપ શહેર પ્રમુખ વિનુભાઈ સોની, મા.યાર્ડના તમામ સભ્યો, ભાજપના આગેવાનો, કાર્યકરો, હોદ્દેદારો સહિત વિશાળ સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી.